<u>વિષયઃ</u> સમાજશાસ્ત્ર

<u>અધ્યાપકઃ</u> ડો. બી. એન. પરમાર.

ડો. એચ. પી. સોંદરવા

# આવો જાણીએ સમાજશાસ્ત્ર

સમાજશાસ્ત્ર એટલે ઇતિહાસ, ભુગોળ અને નાગરીકશાસ્ત્રનો સમન્વય એવો અર્થ કરવાનો નથી. સમાજશાસ્ત્ર એક સ્વતંત્ર સામાજીક વિજ્ઞાન છે. અંગ્રેજી શબ્દ Sociology એ લેટીન શબ્દ “Socius” અને “Logus” નો બનેલો છે. જેનું અંગ્રેજી રૂપાંતર “Society” અને “Logy”થાય છે. Society એટલે સમાજ અને Logy એટલે જ્ઞાન. આમ Sociology એટલે સામાન્ય જ્ઞાન નહીં પરંતુ વૈજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ કરી પધ્ધતિસર રીતે પ્રાપ્ત કરેલું જ્ઞાન. જ્ઞાનેન્દ્રિયનો ઉપયોગ કરી તટસ્થ રીતે મેળવેલું જ્ઞાન એ વૈજ્ઞાનિક જ્ઞાન છે. જેમાં સત્ય હકિકતો જાણવાનો પ્રયાસ થાય છે.

સમાજશાસ્ત્રનો ઉદભવ ૧૮૩૮માં ફ્રાંસમાં થયો. જેના સ્થાપક ઓગષ્ટ કોમ્ટે (August Compte) હતા. ફ્રેંચ ક્રાંતિના કારણે યુરોપીય સમાજમાં સર્જાયેલ સમસ્યાનઓના મુળ જાણી તેને નાબુદ કરવા તથા સમાજનું પુનર્નિર્માણ કરવાના હેતુથી સમાજશાસ્ત્રની સ્થાપના થઇ. આજે સમાજશાસ્ત્ર સમગ્ર વિશ્વમાં ભણાવાતું મજબુત સામાજિક વિજ્ઞાન બન્યું છે. ભારતમાં સમાજશાસ્ત્રની શરૂઆત મુંબઇ યુનિ.માં ૧૯૧૭ થી થઇ આજ તેની અનેક શાખાઓ વિકાસ પામી છે.

સમાજશાસ્ત્રના વિષયવસ્તુમાં સમાજિક સંબંધો તેમા અસર કરતાં પરિબળો તથા સમાજિક સંબંધોમાંથી નિપજતાં પરિણામોનો સમાવેશ થાય છે. ભારતીય સમાજનું સામાજીક માળખું વૈવિધ્યસભર છે. એટલે સમાજશાસ્ત્ર ગામડાઓ, નગરો, આદિમ સમુદાયો, વિભિન્ન જ્ઞાતિઓ, લેંગિક ભેદભાવો, જ્ઞાતિ અસમાનતા, લગ્ન, દહેજ, આત્મહત્યા, છુટાછેડા, નશાખોરી, વિદ્યાર્થી અજંપો, પર્યાવરણીય પ્રશ્નો, ઔદ્યોગિક સંબંધો વિગેરે બાબતોનો વૈજ્ઞાનિક અભ્યાસ કરી સત્ય હકીકતોની જાણકારી આપે છે. માનવી એક સામાજીક પ્રાણી છે. સમાજ સાથે તેનો સંબંધ આજીવન છે. સમાજશાસ્ત્ર માનવીને સામાજીક ધોરણો, લોકનીતિ, મુલ્યો વિગેરેની સમજ આપી સંગઠીત જીવનરીતિમાં બંધ બેસતુ કરે છે. અને એટલે સમાજશાસ્ત્ર એક રસપ્રદ અને મહત્વનો વિષય બની રહે છે.